For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

**દિવાળી પહેલાં કરુણાંતિકા : પતિના અવસાનના એક વર્ષ બાદ માતાએ પુત્ર અને પુત્રી સાથે જીવન ટૂંકાવ્યું, આત્મહત્યા કરવાનું કારણ અકબંધ**

# દલા પટેલની પોળમાં સોની પરિવારના 3 સભ્યોનો સામૂહિક આપઘાત

**સ્થાનિકોને** મકાનમાંથી દુર્ગંધ આવતાં ઘટનાની જાણ થઈ હોવાની આશંકા

(પ્રતિનિધિ) વડોદરા, તા. 28

વડોદરા શહેરના માંડવી વિસ્તારમાં આવેલી દલા પટેલની પોળમાં સોની પરિવારના ત્રણ સભ્યોનાં મોતની ઘટનાથી ચકચાર મચી ગઈ છે. 50 વર્ષીય આરતીબેન સોની અને તેમનાં પુત્ર નીલકંઠ તથા પુત્રી ઝલકના મૃતદેહ અલગ-અલગ જગ્યાએ ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા હતા. પતિના અવસાનના એક વર્ષ બાદ બનેલી આ ઘટનામાં પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી ત્રણેયનાં મોત પાછળનું કારણ જાણવા તપાસ હાથ ધરી છે.

વડોદરા શહેરના જૂના શહેર વિસ્તાર માંડવીની દલા પટેલની પોળ (નરસિંહજીની પોળ)માં એક જ પરિવારના ત્રણ સભ્યોનાં મોતની ઘટના સામે આવતાં ચકચાર મચી ગઈ છે. 50 વર્ષીય આરતીબેન સોની, તેમના પુત્ર નીલકંઠ સોની અને પુત્રી ઝલક સોનીના મૃતદેહ અલગ-અલગ જગ્યાએ ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા હતા. પ્રાથમિક માહિતી મુજબ, ત્રણેયે અગમ્ય કારણોસર જીવન ટૂંકાવ્યું હોવાની આશંકા છે. આરતીબેનના પતિનું એક વર્ષ અગાઉ હાર્ટ એટેકથી અવસાન થયું હતું.

ઘટનાની જાણ થતાં પોલીસના ઉચ્ચ અધિકારીઓ સહિતનો કાફલો સ્થળ પર દોડી ગયો હતો. પોલીસે ત્રણેય મૃતદેહોનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યા હતા. મૃતદેહોમાંથી દુર્ગંધ આવતી હોવાથી ઘટનાને થોડો સમય વીતી ગયો હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જોકે, મૃત્યુનો ચોક્કસ સમય અને સંજોગો પોસ્ટમોર્ટમ રિપોર્ટ તથા તપાસ બાદ જ સ્પષ્ટ થશે.

DCP એન્ડ્રુ મેકવાને જણાવ્યું હતું કે પ્રાથમિક માહિતી મુજબ એક જ પરિવારના ત્રણ સભ્યોએ અલગ-અલગ જગ્યાએ ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો હોવાનું જણાય છે. પોલીસે ઘટનાસ્થળે સઘન તપાસ હાથ ધરી છે. સાથે જ પરિવારજનો અને મૃતકોના નજીકના સંપર્કોની પૂછપરછ કરવામાં આવી રહી છે. હાલમાં આ મામલે અકસ્માતે મોત (એ.ડી.)ની નોંધ કરી આગળની કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે. ત્રણેયનાં મોત પાછળનું ચોક્કસ કારણ જાણવા પોલીસ વિવિધ પાસાંઓની તપાસ કરી રહી છે.

### સામૂહિક આપઘાત ભારત માતાએ પુત્ર સાથે મળીને ઓપી રોડ પર આલીશાન હોસ્પિટલ શરૂ કરી હતી

વડોદરા શહેરની દલા પટેલની પોળમાં રહેતાં 50 વર્ષીય આરતીબેન સોની અને તેમના પુત્ર નીલકંઠ સોનીના સામૂહિક આપઘાતની ઘટનાથી ચકચાર મચી છે. સૂત્રોના જણાવ્યા મુજબ, આરતીબેન અને નીલકંઠ સોની ઓલ્ડ પાદરા રોડ પર આવેલી ઝેડએસઈપીએસ હેલ્થ કેર હોસ્પિટલનું સંચાલન કરતાં હતાં. હોસ્પિટલમાં નીલકંઠ સોની ડિરેક્ટર તરીકે, જ્યારે માતા આરતીબેન સોની સીઈઓ તરીકે જવાબદારી સંભાળતાં હતાં. પરિવારના મોભી એવા આરતીબેનના પતિનું એક વર્ષ અગાઉ હાર્ટ એટેકથી મોત થયું હતું. સુખી અને વ્યવસ્થિત જીવન જીવતા પરિવારના માતા-પુત્રએ આખરે કયા કારણોસર આ અંતિમ પગલું ભર્યું તે હજી અકબંધ છે. પોલીસ તપાસમાં કારણો સામે આવે તેવી શક્યતા છે.



જેની સોની (ઉંમર વર્ષ ૨૦) | નીલકંઠ સોની (ઉંમર વર્ષ 23) | આરતીબેન સોની (ઉંમર વર્ષ 50)

### સામૂહિક આપઘાતની ઘટનાથી ડીસીપી ઝોન 4 સહિતનો કાફલો દોડી આવ્યો

વડોદરા શહેરના સીટી વિસ્તારમાં સોની પરિવારના ત્રણ સભ્યોએ સામૂહિક આપઘાત કર્યો હોવાની જાણ થતાં જ સીટી પોલીસ સહિત ડીસીપી એન્ડ્રુ મેકવાનનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. દિવાળીના તહેવારના માહોલ વચ્ચે જ એક જ પરિવારના ત્રણ સભ્યોનાં મોતની ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. પરિવારના સગાંસંબંધીઓ પણ આઘાતમાં સરી પડ્યા છે.

### માતા પુત્ર અને પુત્રીએ પોતાના અલગ અલગ રૂમમાં જઈ ફાંસો ખાધો

શહેરમાં નરસિંહજીની પોળ નજીક આવેલી દલા પટેલની પોળમાં રહેતા સોની પરિવારના ત્રણ સભ્યોના મોતની ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. પરિવારનાં 50 વર્ષીય આરતીબેન સોની, પુત્ર નીલકંઠ સોની અને પુત્રી જેની સોનીએ ગઈકાલે પોતાના મકાનમાં અલગ-અલગ રૂમમાં ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હોવાની માહિતી સામે આવી છે. એક જ પરિવારના ત્રણ સભ્યોનાં મોત પાછળનું કારણ હજી સ્પષ્ટ થયું નથી. ઘટનાને પગલે પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

**દેશમાં અરાજકતા અને વિપક્ષી આરોપો સામે ભાજપનું શક્તિ પ્રદર્શન**

# વડોદરામાં ભાજપની 'લોકતંત્ર બચાવો' પદયાત્રા: હજારો કાર્યકરો રસ્તા પર ઊતર્યા

**પંચમહાલથી** જ ૯ હજારથી વધુ કાર્યકરો જોડાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.28

દેશભરમાં ચાલી રહેલા વિવિધ રાજકીય પ્રદર્શનો અને ઘટનાક્રમો વચ્ચે બુધવારે વડોદરા શહેરમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાઓ' અભિયાન અંતર્ગત એક વિશાળ પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. વડોદરાના નવલખી મેદાન ખાતેથી શરૂ થયેલી આ પદયાત્રા શહેરના મુખ્ય રાજમાર્ગો પરથી પસાર થઈ હતી, જેમાં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકર્તાઓ અને હોદ્દેદારો જોડાયા હતા.

આજની આ પદયાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય તાજેતરના સમયમાં વિપક્ષો અને ખાસ કરીને કોંગ્રેસ પક્ષ દ્વારા લગાવવામાં આવેલા આરોપોનો વિરોધ કરવાનો તેમજ દેશમાં અરાજકતા ફેલાવતા તત્વો સામે જનજાગૃતિ લાવવાનો હતો. ભાજપના અગ્રણીઓએ આક્ષેપ કર્યો હતો કે વિપક્ષી નેતાઓ દ્વારા દેશમાં ભ્રામક વાતાવરણ ઊભું કરવામાં આવી રહ્યું છે અને બંધારણીય સંસ્થાઓ પર આઘાત પહોંચાડવાના પ્રયાસો થઈ રહ્યા છે.

પદયાત્રા દરમિયાન વડોદરા સહિત ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી હજારોની સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. પંચમહાલ જિલ્લામાંથી આવેલા ભાજપના વરિષ્ઠ નેતા મયંક દેસાઈએ જણાવ્યું હતું કે પંચમહાલ જિલ્લામાંથી અંદાજે ૯૦૦૦ જેટલા કાર્યકર્તાઓ અને વિવિધ સંગઠનોના પ્રતિનિધિઓ આ પદયાત્રામાં સહભાગી થવા માટે આવ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશ મજબૂત અને સ્થિર સરકાર સાથે વિકાસના પંથે આગળ વધી રહ્યો છે, પરંતુ વિપક્ષો પોતાના રાજકીય સ્વાર્થ માટે દેશમાં અસ્થિરતા અને અરાજકતા ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા છે જેને દેશની જનતા ક્યારેય સહન નહીં કરે.

આયોજન દરમિયાન કાર્યકર્તાઓએ 'ભારત માતા કી જય' અને રાષ્ટ્રના સમર્થનમાં સૂત્રોચ્ચાર કર્યા હતા તેમજ દેશ વિરોધી અને વિકાસ વિરોધી માનસિકતા ધરાવતા તત્વો સામે રોષ વ્યક્ત કર્યો હતો. ભાજપના નેતાઓએ તાજેતરના નિવેદનો અને વિપક્ષી આંદોલનો પર પ્રહાર કરતા કહ્યું હતું કે દેશની સંસ્કૃતિ અને મર્યાદા વિરુદ્ધની ભાષા તેમજ દેશને નબળો પાડવાના પ્રયાસોનો નાગરિકો દ્વારા જડબાતોડ જવાબ આપવામાં આવશે. આ વિશાળ પદયાત્રાના માધ્યમથી વડોદરા શહેરમાંથી લોકતંત્રને વધુ મજબૂત બનાવવાનો અને અ રા જકતાને ડામવાનો સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો હતો. આ રેલીમાં વડોદરા શહેર પ્રમુખ જયપ્રકાશ સોની સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.



### લોકશાહીમાં સરકારો જનતાના મતથી બને છે

લોકશાહીમાં સરકારો જનતાના મતથી બને છે, રસ્તા પર અરાજકતા ફેલાવીને નહીં. ચૂંટણીમાં પરાજય થતાં જ ચૂંટણી વ્યવસ્થા પર આરોપ લગાવવા એ કોંગ્રેસની રાજકીય હતાશા દર્શાવે છે. જનસમર્થનને 'વોટ ચોરી' ગણાવવું એ દેશના નાગરિકોના જનાદેશનું અપમાન છે. દેશની જનતા આવી અરાજકતા ક્યારેય સ્વીકારશે નહીં. 'મોદી નહીં જાયેગા, મોદી વિકસિત ભારત બનવાયેગા.

**- અજયભાઈ બ્રહ્મભટ્ટ** (પ્રદેશ મહામંત્રી)

### પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા વિવાદોનો સહારો

કોંગ્રેસ દેશની જનતાનો વિશ્વાસ ગુમાવી ચૂકી હોવાથી પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા વિવાદોનો સહારો લઈ રહી છે. ભાજપા માટે રાજનીતિ એ સત્તા મેળવવાનું નહીં, પરંતુ રાષ્ટ્રસેવા અને જનકલ્યાણનું સાધન છે. લોકશાહીના નામે ભ્રમ ફેલાવનારાઓને જનશક્તિથી જવાબ અપાશે. કોંગ્રેસે યાદ રાખવું જોઈએ કે જનતા રાજકીય નાટકોથી નહીં, પરંતુ કામ અને પરિણામોથી મૂલ્યાંકન કરે છે.

**- હિતેન્દ્રસિંહ ચૌહાણ** (પ્રદેશ મહામંત્રી)

### મુખ્યમંત્રીના કાર્યક્રમ પૂર્વે કોંગ્રેસ કાર્યાલય પર પોલીસ તૈનાત



વડોદરામાં મુખ્યમંત્રીના આગમન પૂર્વે કોંગ્રેસ કાર્યાલય પર પોલીસના ભારે બંદૂબસ્ત અને તહેનાતીને લઈને તંત્ર અને વિપક્ષી નેતાઓ વચ્ચે ભારે ઘમાસાણ સર્જાયું છે. મુખ્યમંત્રીના નિર્ધારિત કાર્યક્રમ અગાઉ જ પોલીસ કાફલાએ કોંગ્રેસ કાર્યાલયને ચુસ્ત પહેરા હેઠળ લઈ લેતાં સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. સુરક્ષા વ્યવસ્થાના ભાગરૂપે અચાનક પહોંચેલી પોલીસે કાર્યાલય બહાર જાપ્તો ગોઠવી દીધો હતો. વિપક્ષી કાર્યાલય પર પોલીસની હાજરી જોઈને કોંગ્રેસના કાર્યકરો અને નેતાઓમાં ભારે રોષ ફેલાયો હતો. આ કાર્યવાહી સામે સ્થાનિક આગેવાનોએ ઉગ્ર વિરોધ નોંધાવી પોલીસ અધિકારીઓ સાથે સીધી રકઝક કરી હતી. નેતાઓએ સવાલ ઉઠાવ્યો હતો કે લોકશાહીમાં રાજકીય પક્ષના કાર્યાલય પર આ પ્રકારે અદ્રશ્ય પ્રતિબંધ જેવો માહોલ ઊભો કરવો ક્યાં સુધી યોગ્ય છે?

## પ્રતાપનગર-સંતરાગાછી વચ્ચે સ્પેશિયલ ટ્રેન દોડશે

(પ્રતિનિધિ) વડોદરા તા.28

દિવાળી અને છઠ પર્વ બાદ પરત ફરતા મુસાફરોની ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા પ્રતાપનગરથી પશ્ચિમ બંગાળના સંતરાગાછી વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવાયો છે.

ટ્રેન નં. 02833 પ્રતાપનગર-સંતરાગાછી સ્પેશિયલ 2 નવેમ્બરે સવારે 7:35 વાગ્યે પ્રતાપનગરથી ઉપડી 3 નવેમ્બરે સાંજે 6:20 વાગ્યે સંતરાગાછી પહોંચશે. જ્યારે ટ્રેન નં. 02834 સંતરાગાછી-પ્રતાપનગર સ્પેશિયલ 28 ઓક્ટોબરે રાત્રે 12:15 વાગ્યે ઉપડી 29 ઓક્ટોબરે બપોરે 12:15 વાગ્યે પ્રતાપનગર પહોંચશે. બંને દિશામાં ભરૂચ, સુરત, નંદુરબાર, ભુસાવલ, નાગપુર, રાયપુર, બિલાસપુર, રાઉરકેલા, ટાટાનગર સહિતના સ્ટેશનો પર ટ્રેનને સ્ટોપેજ અપાશે. ટ્રેનમાં એસી, સ્લીપર અને સામાન્ય શ્રેણીના કોચ રહેશે. ટ્રેન નં. 02833નું બુકિંગ PRS કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર શરૂ થઈ ગયું છે.

**ઘાસમાં આગને કારણે રનવે ક્લિયરન્સ ન મળ્યું**

# રાજકોટ જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ વડોદરા ડાયવર્ટ કરાઈ

**દિલ્હીથી** સવારે 10 વાગ્યે આવતી ફ્લાઇટને હવામાં 4 ચક્કર લગાવવા પડ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.28

દિલ્હીથી રાજકોટ આવી રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટને તાત્કાલિક ધોરણે વડોદરા એરપોર્ટ પર ડાયવર્ટ કરવામાં આવતા મુસાફરોમાં દોડધામ મચી હતી. પક્ષીઓને ભગાડવા માટે ફોડેલા ફટાકડા ના કારણે ઘાસમાં આગ લાગી હતી. જેના કારણે રણવીર ક્લિયરન્સ મળ્યું ન હતું.

પ્રાપ્ત વિગતો મુજબ, દિલ્હીથી સવારે 10 વાગ્યે રાજકોટ જતી ફ્લાઈટ રાજકોટ એરપોર્ટ પર લેન્ડિંગની તૈયારીમાં હતી. ત્યારે રનવે ક્લિયરન્સ મળી શક્યું નહોતું. એરપોર્ટ સૂત્રોના જણાવ્યા મુજબ, રાજકોટ એરપોર્ટ પર બર્ડ હિટ રોકવા માટે પક્ષીઓને ઉડાડવા ગેસ ગન અને ફટાકડા ફોડવામાં આવતા હોય છે. આ દરમિયાન તણખો ઉડતા રનવેની આસપાસના સૂકા ઘાસમાં અચાનક આગ લાગી ગઈ હતી. સુરક્ષાના ભાગરૂપે ફાયર ટેન્ડરોએ તાત્કાલિક આગ બુઝાવવાની કામગીરી શરૂ કરી હતી અને રનવે બંધ રાખવામાં આવ્યો હતો. આ કારણે લેન્ડિંગ માટે સલામત વાતાવરણ ન મળતા ફ્લાઈટ હવામાં જ અટવાઈ પડી હતી અને રનવે ક્લિયર થવાની રાહમાં પ્લેને હવામાં આશરે




4 રાઉન્ડ સુધી ચક્કર લગાવવા પડ્યા હતા. અગાઉ સુરત એરપોર્ટ પર પણ આ જ પ્રકારની ઘટના બની હતી, જેમાં ગેસ ગનના તણખાથી ઘાસમાં આગ લાગતા 3 ફ્લાઈટ અને એક હેલિકોપ્ટર ડાયવર્ટ કરવા પડ્યા હતા, એક ફ્લાઈટ વડોદરા ડાયવર્ટ થઈ હતી. સ્થિતિમાં સુધારો ન થતાં અને મુસાફરોની સુરક્ષાને પ્રાધાન્ય આપી પાયલોટે ફ્લાઈટને વડોદરા ડાયવર્ટ કરવાનો નિર્ણય લીધો હતો. વડોદરા એરપોર્ટ પર તમામ મુસાફરો સુરક્ષિત ઉતરી ગયા હોવાનું જાણવા મળ્યું હતું. જોકે આ ઘટનાને કારણે મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

# નવાયાર્ડમાંથી ધો.૧૦ પાસ ઝોલાછાપ બોગસ તબીબને SOGએ ઝડપી પાડ્યો

**નવાયાર્ડના** શ્રીનાથપુરમમાં સાઈનાથ ક્લિનિક પર દરોડો એલોપેથિક દવાઓ, ઇન્જેક્શન અને તબીબી સાધનો સહિતનો મુદ્દામાલ કબજે

(પ્રતિનિધિ) વડોદરા, તા. 28

વડોદરા શહેરમાં કોઈ માન્ય તબીબી ડિગ્રી વિના ડોક્ટર બનીને ક્લિનિક ચલાવતા વધુ એક બોગસ તબીબનો એસ.ઓ.જી.એ પર્દાફાશ કર્યો છે. નવાયાર્ડ રોડ પર આવેલા શ્રીનાથપુરમ એપાર્ટમેન્ટના ગ્રાઉન્ડ ફ્લોરમાં સાઈનાથ ક્લિનિક ચલાવતા દિનેશભાઈ ઉર્ફે ભરુચી ડોન ચતુર પરમારને પોલીસે ઝડપી પાડ્યો છે. આરોપી માત્ર ધોરણ-10 સુધી ભણેલો હોવા છતાં વર્ષ 2022થી ડોક્ટરના નામે ક્લિનિક ચલાવી એલોપેથિક દવાઓ અને ઈન્જેક્શન આપી લોકોના આરોગ્ય સાથે ચેડા કરતો હતો. એસ.ઓ.જી.એ દરોડા દરમિયાન વિવિધ કંપનીની કફ સિરપ,



એન્ટિબાયોટિક અને પેઈનકિલર દવાઓ, ઈન્જેક્શન, તબીબી સાધનો, રબર સ્ટેમ્પ તથા અન્ય ચીજવસ્તુઓ મળી રૂ.20 હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે.

પોલીસ કમિશનર નરસિમ્હા કોમારની સૂચનાથી એસ.ઓ.જી.ના પીઆઈ ડી.જે. ચુડાસમાના માર્ગદર્શન હેઠળ ટીમ શહેરમાં ગેરકાયદે તબીબી પ્રેક્ટિસ કરતા શખ્સો સામે કાર્યવાહી કરી રહી હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ વિક્રમસિંહ પ્રવિણસિંહને બાતમી મળી હતી કે છાણી રોડ પર દીપ સિનેમા પાસે આવેલા શ્રીનાથપુરમ એપાર્ટમેન્ટમાં સાઈનાથ ક્લિનિકનો સંચાલક માન્ય તબીબી ડિગ્રી વિના દર્દીઓની સારવાર કરી રહ્યો છે.

આ બાતમીના આધારે એસ.ઓ.જી.ની ટીમે નવાયાર્ડ અર્બન પ્રાઈમરી હેલ્થ સેન્ટરના મેડિકલ ઓફિસર ડો. દીપક સોલંકીને સાથે રાખીને ક્લિનિકમાં દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન દિનેશભાઈ પરમાર હાજર મળી આવ્યો હતો. તેની પાસેથી એલોપેથિક દવાઓ, વિવિધ પ્રકારની સિરપની બોટલો, ટેબ્લેટ, ઈન્જેક્શન, સિરીંજ-નીડલ, તબીબી સાધનો, રબર સ્ટેમ્પ અને ડોક્ટરના નામે ઉપયોગમાં લેવાતી અન્ય વસ્તુઓ મળી આવી હતી. આરોપી પાસે તબીબી પ્રેક્ટિસ કરવા માટેની માન્ય ડિગ્રી ન હોવા છતાં તે ડો. દિનેશ સી. પરમારના નામે ક્લિનિક ચલાવતો હતો. તપાસ દરમિયાન વિવિધ સંસ્થાઓનાં ઓળખપત્રો અને સફેદ એપ્રોન પણ મળી આવ્યાં હતાં. પોલીસે રૂ.20 હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ મામલે આરોપી વિરુદ્ધ ગુનો નોંધાવવા માટે ફતેગંજ પોલીસ સ્ટેશનમાં કાર્યવાહી કરવામાં આવી છે. બોગસ તબીબની ગેરકાયદે પ્રેક્ટિસથી લોકોના આરોગ્ય સાથે ચેડાં થતા હોવાની આશંકા વચ્ચે પોલીસની આ કાર્યવાહીથી આવા તબીબોમાં ફફડાટ ફેલાયો છે.

## એકતાનગર-રાયપુર વચ્ચે સ્પેશિયલ ટ્રેન દોડાવાશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.28

મુસાફરોની વધતી માંગને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા એકતાનગરથી રાયપુર વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવાયો છે. આ ટ્રેનથી બંને શહેરો વચ્ચે મુસાફરી કરતા લોકોને વધારાની સુવિધા મળશે.

ટ્રેન નં. 08834 એકતાનગર-રાયપુર સ્પેશિયલ 1 નવેમ્બરે બપોરે 12:30 વાગ્યે એકતાનગરથી ઉપડી બીજા દિવસે બપોરે 1 વાગ્યે રાયપુર પહોંચશે. પરત ટ્રેન નં. 08833 રાયપુર-એકતાનગર સ્પેશિયલ 28 ઓક્ટોબરે રાત્રે 11 વાગ્યે રાયપુરથી ઉપડી 29 ઓક્ટોબરે રાત્રે 11:50 વાગ્યે એકતાનગર પહોંચશે. બંને દિશામાં ઉધના, ભુસાવલ અને નાગપુર સ્ટેશનો પર સ્ટોપેજ રહેશે. ટ્રેનમાં એસી થ્રી-ટિયર અને સ્લીપર કોચ ઉપલબ્ધ રહેશે. ટ્રેન નં. 08834નું બુકિંગ 29 ઓક્ટોબરથી તમામ પીઆરએસ કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર શરૂ થશે. મુસાફરોને સમયપત્રકની વિગતો તપાસવા અપીલ કરાઈ છે.

**યુરોપથી પરત આવેલા શૈલેષ રાઠવા દોઢથી બે મહિનાથી વિસ્તારમાં રહેતા હતા**

# દંતેશ્વરના બજરંગ નગરમાં યુવકનો ફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળ્યો

**આપઘાત** કરવા પાછળનું કારણ અકબંધ

(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડોદરા શહેરના દંતેશ્વર વિસ્તારમાં આવેલા બજરંગ નગરમાં યુવકનો ગળેફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળી આવતાં ચકચાર મચી ગઈ હતી. મૂળ છોટાઉદેપુર જિલ્લાના ઓલીઆંબા ગામના રહેવાસી શૈલેષભાઈ સન્યાભાઈ રાઠવા છેલ્લા દોઢથી બે મહિનાથી બજરંગ નગરમાં રહેતા હતા. તેઓ થોડા સમય પહેલાં જ યુરોપથી પરત આવ્યા હોવાનું પ્રાથમિક માહિતીમાં જાણવા મળ્યું છે.

વડોદરા શહેરના દંતેશ્વર વિસ્તારમાં આવેલા બજરંગ નગરમાં રહેતા શૈલેષભાઈની પત્ની અને બે સંતાનો હાલમાં પિયર ખાતે રહેતાં હતાં. ઘટનાના સમયે તેઓ મકાનના ઉપરના



માળે એકલા હતા. દરમિયાન, નીચે રહેતા તેમના સંબંધી જમવાનું આપવા ઉપરના માળે ગયા ત્યારે શૈલેષભાઈ ગળેફાંસો ખાધેલી હાલતમાં જોવા મળ્યા હતા. આ દ્રશ્ય જોઈને તેમણે તાત્કાલિક અન્ય લોકોને જાણ કરી હતી. ઘટનાની જાણ મકરપુરા પોલીસને કરવામાં આવતાં પોલીસ સ્ટાફ સ્થળ પર દોડી ગયો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે એસએસજી હોસ્પિટલ ખાતે મોકલવાની તજવીજ હાથ ધરી હતી. શૈલેષભાઈએ કયા કારણોસર આ અંતિમ પગલું ભર્યું તે હાલ સ્પષ્ટ થયું નથી. પોલીસે સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને પોલીસ તપાસ બાદ જ ઘટનાની વધુ વિગતો સામે આવે તેવી શક્યતા છે.

**બાજવાના 10 વર્ષીય આયુષના મોત મામલે પરિવારની શંકા**

# કમેન્ટ બાદ આઈડી બ્લોક કરનાર સોશિયલ મીડિયા યુઝર સામે તપાસની માગણી

**સાયકલ,** કપડાં અને મૃતદેહ અલગ-અલગ સ્થળેથી મળતાં અનેક સવાલો

(પ્રતિનિધિ) વડોદરા તા.28

વડોદરાના બાજવા વિસ્તારમાંથી ગુમ થયેલા અને ભીમપુરા કેનાલમાંથી મૃત હાલતમાં મળી આવેલા 10 વર્ષીય આયુષ શાક્યના મોત મામલે પરિવારે શંકા વ્યક્ત કરી છે. મોડેલ પબ્લિક સ્કૂલમાં ધોરણ-6માં અભ્યાસ કરતો આયુષ રવિવારે સાંજે રમવા નીકળ્યા બાદ ગુમ થયો હતો. શોધખોળ દરમિયાન તેની સાયકલ બાજવા સ્ટેશન પાસે રવિ ટાંકી નજીકથી, કપડાં ગોરવા કેનાલ પાસેથી અને મૃતદેહ ભીમપુરા વિસ્તારમાંથી મળી આવ્યો હતો.

આયુષના પિતાના જણાવ્યા મુજબ, સોશિયલ મીડિયા પર બાળક ગુમ થયાની પોસ્ટ પર એક યુવકે શંકાસ્પદ કમેન્ટ કરી હતી. ત્યારબાદ સંબંધિત આઈડી ડિલીટ અથવા બ્લોક થઈ હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો. આ અંગેના સ્ક્રીનશૉટ્સ અને પુરાવા પોતાની પાસે હોવાનો પણ પિતાએ દાવો કર્યો છે. જોકે, આ બાબતની સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

પિતાએ જણાવ્યું કે, રેલવે લાઈનના કામને કારણે રસ્તો બંધ હોવાથી આયુષને ત્યાં જવાની ના પાડી હતી. પરિવારજનોએ જવારનગર અને બાજવા પોલીસ સ્ટેશન વિસ્તારનાં સીસીટીવી ફૂટેજ તપાસ્યાં હતાં, પરંતુ કેટલાક કેમેરામાં દ્રશ્યો સ્પષ્ટ દેખાતાં ન હોવાની શંકા વ્યક્ત કરી છે. પરિવારે સમગ્ર ઘટનાની ઊંડાણપૂર્વક તપાસ કરી સત્ય બહાર લાવવાની માગ કરી છે. પોલીસ તપાસ બાદ જ બાળકના મોતના સંજોગો અને પરિવારની શંકાઓ અંગે સ્પષ્ટતા થશે.

**એગ્રીગેટર કંપનીઓ સામે યુનિયનોની લડતને સફળતા**

# ઉબેર-ઓલા-રેપિડોને અમદાવાદ RTOની નોટિસ, વડોદરામાં પણ કાર્યવાહીની માગ

**નોન-ટ્રાન્સપોર્ટ** ટુ-વ્હીલરના ઉપયોગ અને પરવાનગી અંગે સવાલો, મોટર વ્હીકલ એક્ટની કલમ 93 હેઠળ ખુલાસો માંગ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.28

ગુજરાતમાં ઓનલાઈન એગ્રીગેટર કંપનીઓ સામે ડ્રાઈવર યુનિયનોની લાંબા સમયથી ચાલતી લડત બાદ અમદાવાદ આરટીઓ દ્વારા ઉબેર, ઓલા અને રેપિડો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આરટીઓ દ્વારા ત્રણેય કંપનીઓને નોટિસ પાઠવી ખુલાસો માંગવામાં આવતા વડોદરા શહેર જિલ્લા રીક્ષા ચાલક યુનિયને આ પગલાને આવકાર્યું છે અને તેને ડ્રાઈવર વર્ગના અધિકારો માટે મહત્વપૂર્ણ ગણાવ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ લાંબા સમયથી વિવિધ ડ્રાઈવર યુનિયનો દ્વારા એગ્રીગેટર કંપનીઓ મોટર વાહન કાયદાનું પાલન કરે છે કે કેમ તે અંગે ફરિયાદો કરાતી હતી. જેના સંદર્ભમાં અમદાવાદ આરટીઓએ નોટિસ પાઠવી છે. નોટિસમાં ઉબેર અને ઓલા સામે નોન-ટ્રાન્સપોર્ટ કેટેગરીના ટુ-વ્હીલર વાહનોનો વ્યવસાયમાં ઉપયોગ અને થ્રી-વ્હીલર ઓટો રીક્ષા તથા ફોર-વ્હીલર ટેક્સીની શ્રેણીઓ અંગે, જ્યારે રેપિડો સામે ફોર-વ્હીલર ટેક્સી અને ટુ-વ્હીલરના ઉપયોગ તથા લાગુ માર્ગદર્શિકાઓના પાલન અંગે મુદ્દા ઉઠાવાયા છે. બંને નોટિસોમાં મોટર વાહન અધિનિયમ 1988ની કલમ 93, એગ્રીગેટર ગાઈડલાઈન્સ 2020 અને ગુજરાત મોટર વાહન નિયમો 1989ના નિયમ 98 અને 98Aનો ઉલ્લેખ કરાયો છે. આ કાર્યવાહીને આવકારતા વડોદરા શહેર જિલ્લા રીક્ષા ચાલક યુનિયને જણાવ્યું કે આ મુદ્દો એક કંપની પૂરતો નથી પરંતુ સમગ્ર પરિવહન વ્યવસ્થા અને કાયદાના સમાન અમલીકરણ સાથે જોડાયેલો છે.

યુનિયનના મતે જો સામાન્ય રીક્ષા ચાલક પાસેથી કાયદાનું પાલન અપેક્ષિત હોય તો મોટા પ્લેટફોર્મ માટે પણ સમાન નિયમ લાગુ પડવો જોઈએ. યુનિયને માંગ કરી છે કે, અમદાવાદની જેમ વડોદરા પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી દ્વારા પણ શહેરમાં ચાલતી એગ્રીગેટર સેવાઓની તપાસ હાથ ધરવામાં આવે. વડોદરામાં પણ નોન-ટ્રાન્સપોર્ટ ટુ-વ્હીલરનો વ્યાવસાયિક ઉપયોગ, પરવાનગી વગરની કામગીરી અને લાગુ ગાઈડલાઈન્સના પાલન અંગે સ્પષ્ટતા થવી જોઈએ. યુનિયને રાજ્ય સરકાર, પરિવહન વિભાગ અને વડોદરા આરટીઓ તંત્રને અપીલ કરી છે કે નિષ્પક્ષ તપાસ કરી કાયદા અનુસાર યોગ્ય નિર્ણય લેવામાં આવે.